યશસ્વી ૬૦ વર્ષ

# કલમ કડછી બરછી


શિક્ષણ સેવા સંરક્ષણ

બરછી કાર્યાલય C/o.ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઇન રોડ, કોટેચા ગર્લ્સ હાઇસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

સપ્ટેમ્બર – ૨૦૨૩ | વર્ષ : ૬૦
વર્ષ : જાન્યુઆરીથી ડીસેમ્બર | વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫



ઘેરઘેર ગીતા ગવાય,
આજ ગગન લાલ,
ગુલાબી ગોરંભાયુ,
કાળરાત્રિ ડરાવીને,
ફુંકાવે ભયંકર વાયુ,
કોઈ શીશુ અવતરવા,
કારાવાસે આવી સંતાયુ,
મેઘરાજાએ સેના મોકલી,
જાણે શમશેરો વીંજાણી,
દ્વારપાળ રખેવાળો,
સહુની આંખો મીંચાણી,
કુંભકર્ણે જાગીને,
કરી સામટી લહાણી,
દેવકીનું સંતાન આઠમું,
વસુદેવે કરંડીયે છુપાવી,
કાલિન્દીના ઘાટે પુગી,
જળની કરી સવારી,
ગોકુળ પહોંચી,
નંદને સોપી,
યશોદા લડાવેલાડ મહારાણી,
વીજ બની કીધી કાળવાણી,
નંદસુતાએ:
દુષ્ટ કંસ તૈયાર રહેજે,
નિશ્ચિત છે તારા વળતાપાણી,
નામ એના હજાર,
યશોદાનો લાલ,
કાન બાલમુકુંદ ગોપાલ,
નટખટ માખણચોર,
માધવ મુરારી બંસીધર,
ગોવર્ધન ગિરીધારી,
શ્રીક્રિશ્ના યોગેશ્વરની આજ:
ઘેરઘેર ગીતા ગવાય.

રાસવિહારી વૈષ્ણવ, મોરપીંછ.
રાજકોટ.

## હસ, કાં હસનાર દે !

## ઉંમર છુપાવવા વિશે

અંગ્રેજી લેંગ્વેજની એક જૂના જમાનાની કહેવત છે–
નેવર આસ્ક મેન હીઝ સેલેરી, એન્ડ વુમન હર એજ.
યાને કે,
મર્દને કદાપિ તેની આવક ન પૂછો અને મહિલાને તેની ઉંમર ન પૂછવી.
આ કહેવતમાં ઘણું ડહાપણ ભર્યું છે, કારણ કે આ પ્રશ્નોના ઉત્તર ખોટા જ આવવાના!

આજે તો આ કહેવત અપ્રસ્તુત બની ગઈ છે. મુંબઈ જેવા મેટ્રો મહાનગરમાં તમે જેને મર્દ માનીને આ પ્રશ્ન કરો, તે પોતે જ ઓરત નીકળે, લો!
એન્ડ વાઈસ એ વર્સા પણ બને, બોલો! આ બાબતમાં નર–નારી વચ્ચે અભેદ પ્રવર્તે છે.

આ લેખ પાછળનું તાત્પર્ય અને તારતમ્ય એ છે, મિત્રો, કે આવકની તો પ્રભુને ખબર, પરંતુ ઉંમર છુપાવવાની ટેન્ડેન્સી તો સ્ત્રી અને પુરૂષ બંનેમાં એક સરખી જ છે. ન માનતા હો તો એકાદા પબ્લિક પાર્કમાં કે સોસાયટીના બાગની બેંચ પર બેઠેલા, ઢળતી વયના સજ્જનને પૂછજો, પણ સાવધાન!
પ્રશ્ન ઘણો ખતરનાક છે, અત્યંત નજાકતથી પૂછજો, પ્રારંભમાં પ્રેમીઓ મૃદુતાથી ગૂફ્તગૂ કરે એમ પૂછજો–ભડકો થતાં વાર નૈ લાગે!

'કેટલાં વિતાવ્યાં, વડીલ!'

'આમ જુવો ને, ગુજરાત પર વિનાશક ભૂકંપ આવ્યો ત્યારે કાચી વયનો અને બંગાળાના ઉપસાગરમાં પ્રચંડ સાઈક્લોન ફુંકાયેલુંને ઓરિસ્સાના તટવર્તી ગામડાઓ પર સાગરજળ ફરી વળેલાં, ત્યારે હું પુખ્ત ન હતો...'

લાંબા ને ગોળાકાર જવાબ!
અમારા જસુભાઈને કોઈ આત્મીયતાથી પૂછે, 'કાકા! કેટલી દીવાળી જોઈ?'
તેઓ સસ્મિત બોલે, 'ભઈલા પાંત્રીસ દીવાળી. પછી તો હું ટોરેન્ટો રહેવા ચાલ્યો ગયેલો.–
નારીની તો નાત જ નિરાળી !
જવાનીમાં પ્રવેશી ગયેલી લલનાને કોઈ આ સવાલ કરે, તો ફટ્ જવાબ મળે, કેમ? મારી ઉંમરનું તારે શું કામ? નોકરી હોય તો એપ્લિકેશન ફોર્મ લઈ આવ, મુરતિયો હોય તો હાલ, બેસી જા સ્કૂટી પાછળ.'

એક બેન છે. આઠ વરસથી એક જ જવાબ, 'મારાં લગનને સાડા ત્રણ વરસ થયાં !'

આવું છે ડિંડવાણું આપણી ઉંમરનું વાંચક મિત્રો!

અમારા એક સાથી દોસ્ત છે, છાયા ડોકટર. એ આ રહસ્યને આમ સમજાવે છે, 'એમાં એવું છે કે, આમાં માણસનો દોષ નથી. એ ઉંમર છુપાવતો નથી, પણ એના અમુક અકોણા જીન્સ છે, હોશિયાર હોર્મોન્સ છે તે સ્વાભાવે ખોટાબોલા છે, તે જેમ ફાવે તેમ ઉંમર બોલાવે છે. મારી જ વાત લોને. મારી સેવાકીય મેડિકલ પ્રેક્ટિસના પાંચ દાયકાનું હમણાં જ કોર્પોરેશન તરફથી સન્માન થયું, તો પણ મારી વય બાંસઠે અટકી પડી છે !'

અમારા છાયા સાહેબ તો રમૂજી ને હસમુખા છે, તેથી તો પ્રેક્ટિસ રગડધગડ!

**(અનુસંધાન પાના ૧૫ ઉપર)**

આધુનિક નર–નારી ભલે ગમે તે કારણે ઉંમર છુપાવતાં, કે બદલતાં હોય, પરંતુ એની એક વિલક્ષણતા – પિક્યુલારીટી બહુ રસપ્રદ છે. છોકરો–છોકરી પંદર વરસનાં થાય ત્યાં સુધી ઉંમર વધારીને કહે !

## રાજકોટ ખાતે બેઠા ગરબા સ્પર્ધાનું સફળ આયોજન

રાજકોટ ખાતે આદ્યશક્તિ ગ્રુપના બેનર હેઠળ હેમુ ગઢવી હોલ ખાતે તા.૩/૯ના રોજ સમસ્ત ગુજરાત બેઠા ગરબા સ્પર્ધાનું આયોજન થઈ ગયું.જ્ઞાતિ અગ્રણીઓ તથા દાતાઓના હસ્તે દીપ પ્રાગટય બાદ,ગરબા સ્પર્ધાનો પ્રારંભ થયો હતો. જેમાં જૂનાગઢ,જામનગર,ગાંધીધામ અને રાજકોટ ના ત્રણ તેમ છ વૃંદની દરેક બહેનોએ રંગબેરંગી સાડી પરિધાન સાથે ભાગ લીધો હતો. અને નિર્ણાયકોને નિર્ણય લેવો કઠિન પડે તે રીતે દરેક બહેનોએ સુરિલા કંઠે પારંપારિક તેમજ સુગમ આધારિત ગરબાની ઉત્તમ રજૂઆત કરી હતી.

સમગ્ર કાર્યક્રમના સંચાલનની જવાબદારી હિતેક્ષા કિરણ બુચે બખૂબી નિભાવી હતી.યશ આચાર્ય તથા પ્રેરણા બુચે માના ગુણગાન,ગરબાના મહાત્મ્ય જેવી મૌલિક શૈલીમાં વાતો સાથે સ્પર્ધા દરમ્યાનનું સફળ સંચાલન કર્યું હતું. કાર્યક્રમનો સમય બપોરના ૩ વાગ્યાનો હોવા છતાં ૯૦૦ જેટલા શ્રોતાઓની ઉત્સાહભેર ઉપસ્થિતિ આયોજકો, કાર્યકરો  તથા દરેક વૃંદ માટે ઉત્સાહવર્ધક બની રહી હતી. નિર્ણાયકો તરીકે સુગમ સંગીતના શીરમોર કલાકાર અમદાવાદના શ્રી પ્રહર વોરા,રાજકોટના શ્રી રાજેશ વ્યાસ તથા કુ.ધ્વની વછરાજાનીએ પોતાની સેવાઓ આપી હતી. પ્રહર વોરાએ તેમના મખમલી કંઠમાં બે સુગમ ગીતો તથા ગરબાની રંગત જમાવતાં,દાદ રૂપે વણથંભી તાલીઓથી હોલ ગૂંજી ઊઠયો હતો.

નિર્ણાયકો દ્વારા 'આખરી નિર્ણય' જાહેર કરવામાં આવ્યો જેમાં રાજકોટ ના વૃંદને પ્રથમ ને તૃતીય તથા ગાંધીધામ ને દ્વિતીય વિજેતા ઘોષિત કર્યા હતા. માતબર રકમના ઈનામ તથા અન્ય શીલ્ડ ના વિતરણ કરવામાં આવ્યા બાદ શ્રી ભૂષિત શુકલના આભાર દર્શનને અંતે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

સ્પર્ધાને સફળ બનાવવામાં સર્વશ્રી પ્રશીલ વોરા,ભૂષિત શુકલ, ઓજસ માંકડ, વિપુલ પોટા, શાર્દુલભાઈ શુકલ, ઉષ્માબેન ત્રિવેદી તથા શ્રીમતી કલ્યાણી બેન વછરાજાની, હિતેક્ષા બુચ તથા સહકાર્યકરોએ જહેમત લીધી હતી.

## જીતેન્દ્ર માંકડ દ્વારા ફિલ્મી સંગીતનો કાર્યક્રમ

રાજકોટના જાણીતા ગાયક કલાકાર શ્રી જીતેન્દ્ર (જીતુ) માંકડના કેદાર ગ્રુપ દ્વારા તા.૨૨/૯ના રોજ હેમુ ગઢવી હોલ ખાતેં યાદગાર ફિલ્મીગીતોનો રંગારંગ કાર્યક્રમ યોજાય ગયો. કિશોરકુમારને સ્વરાંજલી અર્પતા આ કાર્યક્રમમાં વોઇસઓફ કિશોરકુમાર જીતુ માંકડ, વોઇસ ઓફ મહમદ રફી અભય અંજારિયાએ કિશોરદા, રફી સાહેબના અને અશ્વિની મહેતા તથા કુ. મહેક જીતેન્દ્ર માંકડે લતાજી– આશાજીએ ગાયેલાં કર્ણપ્રિય ધમાકેદાર ગીતો– યુગલ ગીતો સુમધુર કંઠમાં અને ઉત્તમ વાદકો સાથેના કાબિલે તારીફ ઓરકેસ્ટ્રા સાથે રજૂ કરી ઉપસ્થિત ઓડિયન્સની તાળીઓના ગડગડાટથી દાદ મેળવી હતી.કેટલાંક ગીતોને તો 'વન્સમોર' મળ્યો હતો.

**હસ્તકલા અને ગૃહ ઉદ્યોગ પ્રદર્શન**

રાજકોટ ખાતે અ.ભા.ના.પરિષદના ઉપક્રમે તા.૮/૧૦/૨૩ ના રોજ હસ્તકલા ને ગૃહ ઉદ્યોગ પ્રદર્શન યોજવામાં આવનાર છે. ભાગ લેવા ઈચ્છુકોએ તા.૬/૧૦ સુધીમાં પોતાના નામ ધારિણીબેન છાયા–૯૬૦૧૦૫૯૧૨૯ કે નીતાબેન વસાવડા –૯૯૨૫૦૬૮૧૭૦ને નોંધાવી દેવા વિનંતી છે.

**ભૂષિત શુક્લ ૫૦ આમંત્રિત કવિઓમાં સામેલ :**

તા.૧૫/૯/૨૩ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૩મા જન્મ દિવસ નિમિત્તે વડનગર ખાતે નવસર્જન સાહિત્ય સંસ્થા તેમજ વડનગર સાહિત્ય સંસ્થાન દ્વારા ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જે અંતર્ગત યોજાયેલ કવિ સંમેલનમાં ૫૦ કવિઓ દ્વારા કાવ્ય પઠનમાંના એક કવિ તરીકે રાજકોટના શ્રી ભૂષિત શુક્લને પણ આમંત્રિત કવિ તરીકે જાહેર મંચ પરથી સ્વ રચિત કાવ્યનું રસપાન કરાવવાની તક સાંપડી હતી.જે બદલ સંસ્થા તરફથી શિલ્ડ તેમજ પ્રમાણપત્ર થી સન્માનિત કરવામાં આવ્યા હતા.આ કવિ સંમેલનની વર્લ્ડ રેકોર્ડ તરીકે નોંધ લેવામાં આવી.

રાજકોટના ડો.જગદીપ અંતાણી તા.૧૭ સપ્ટેમ્બરના રોજ સુરત ખાતે યોજાયેલી 'ગુજરાત સ્ટેટ માસ્ટર્સ એકોટીક ચેમ્પિયનશીપ –૨૦૨૩'માં ૭૫થી ૮૦ વર્ષ સુધીના ગ્રુપની પાંચ ઈવેન્ટસ –૫૦ મીટર બેસ્ટ સ્ટ્રોક, ૫૦ મીટર ફ્રી સ્ટાઈલ, ૫૦ અને ૧૦૦ મીટર બેક સ્ટ્રોક,૪×૫૦ મીટર ફ્રી સ્ટાઈલમાં ૭૮ વર્ષની વયે ભાગ લઈ દરેકમાં પ્રથમ સ્થાન મેળવી, દરેક તરણ સ્પર્ધામાં એકચક્રી વિજેતા પદ જાળવ્યું છે.

**રાજકોટ :** પ્રતીક જયેશભાઈ અંતાણીએ ૩૯મી વખત રકતદાન કરી સૌને પ્રેરક સમાજ સેવાનું ઉદાહરણ પૂરૂં પાડયું.આ બદલ રાજકોટ વોલિન્ટરી બ્લડ બેંક તરફથી પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**જામનગર :** અત્રેના છેલ્લાં ૨૦ વર્ષથી અમેરિકા સ્થાયી થયેલા અશોક જયંતીભાઈ બુચ અને સૌ.ભાર્ગવી બુચ બે પુત્રો– પુત્ર વધૂઓ તેના સંતાનો સાથે ભારતની મુલાકાતે આવતાં ધાર્મિક કાર્ય સાથે પરિવાર મિલનના ઉદ્દેશથી,પોતાના વતન જામનગર ખાતે હાટકેશ્વરમાં લઘુરૂદ્રનું, જ્યારે રાજકોટ ખાતે મોટા ભાઈ–ભાભી શ્રી શિરીષ બુચ અને સૌ.પારૂલ બુચના નિવાસ સ્થાને રાંદલમાના લોટાનું સ્થાપન કરવામાં આવ્યું હતું. જ્ઞાતિગોર શ્રી ભરતભાઈ આચાર્ય દ્વારા વિધિ વિધાનપૂર્વક પૂજન અર્ચન કરી સ્થાપન કરાયા બાદ ૩૬ ગોરાણીઓનું પૂજન કરી લ્હાણી આપવામાં આવી હતી. સાંજે બહેનો એ ગરબાની રમઝટ બોલાવી હતી.તો છેલ્લે, અમદાવાદ ખાતે સંગીતમય સુંદરકાંડનું રાખવામાં આવેલ.

એક સમયે આદર્શ રૂપ જે.ડી. બુચના સંયુક્ત કુટુંબમાં ઉછરેલ અશોક બુચે સંસ્કાર અને સ્નેહભાવ જાળવતાં, ઉપરોક્ત દરેક આયોજનમાં પરિવારના વડીલો, બહોળો પરિવાર, મોસાળ પક્ષના સભ્યોની ઉપસ્થિતિ સાથે અન્ય સગા સ્નેહીઓ, અંગત મિત્રોને યાદ રાખી, આમંત્રિત કરી સ્નેહ ભોજન પણ યોજ્યું હતું.

પરદેશમાં સ્થાયી થવા છતાં કુટુંબ – વત્સલતા, સંતાનોમાં આ સંસ્કાર સિંચન તથા ભાવનાત્મક સંબંધો યાદ રાખી નિભાવવા તે આજના સમયમાં નોંધપાત્ર છે!

રશ્

## મૌલિન વૈશ્નવ : બાહોશ અને કર્મઠ પ્રજાસેવક

સ્મરણાંજલિ : ડો.રાજેન્દ્ર હાથી,વડોદરા.

વડોદરાના દાંડિયા બજાર સ્થિત જયશ્રી મોડેલ હાઈસ્કૂલમાં મૌલિન અને હું (રાજેન્દ્ર હાથી) સહપાઠી હતા.આથી અમારા ઘનિષ્ઠ અને આત્મીય સંબંધો અંત સુધી રહયા હતા.

તેમના પિતાશ્રી અરવિંદભાઈ તથા દાદા કેશવલાલ અગ્નિ પુરૂષો હતા. અરવિંદભાઈ આસિસ્ટન્ટ મ્યુનિ.ફાયર કમિશ્નર તરીકે નિવૃત્ત થયા હતા.અગ્નિશમનની શ્રેષ્ઠ કામગીરી બદલ રાષ્ટ્રપતિ ચંદ્રકથી સન્માનિત કરવામાં આવ્યા હતા.તેમના પગલે ચાલી,મૌલિને નાગપુરનો ફાયર એકેડેમીનો કોર્ષ કરી પોલીમર્સ અને આઇપીસીએલ.માં થોડો સમય ફાયર ઓફીસર તરીકે ફરજ પણ બજાવી હતી.અચાનક જ અહમદ પટેલ સાથેના સારા સંબંધો થકી રાજકારણમાં આવ્યા. તેઓ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની એક માત્ર ચૂટણી લડયા જેમાં હાર બાદ એક પણ ચૂંટણી લડયા નહી,પરંતુ તેઓ સંગઠન ઊભું કરવામાં એવા તાકતવર પૂરવાર થયા કે ત્યારથી કોંગ્રેસના મજબૂત આધાર સ્તંભ બની રહયા હતા.તેમણે કોંગ્રેસના મહામંત્રી તથા ઉપપ્રમુખ તરીકે સફળ કાર્યભાર સંભાળ્યો હતો. ગુજરાત મેરીટાઇમ બોર્ડના અધ્યક્ષ,વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ તરીકે ઉત્તમ કામગીરી બજાવી.પૂર્વ વડાપ્રધાન નરસિંહ રાવના કાયદા અનુસાર કોઈ વ્યકિત ત્રણ હોદ્દા ધારણ ન કરી શકે તેથી કોંગ્રેસના હોદ્દા ચાલુ રાખી અન્ય હોદ્દાઓ પરથી રાજીનામા આપ્યાં.

સિંહ જેવી છાતી અને એક નેતાને છાજે તેવી ગર્જના કરતી ફાંકડી ચાલ તેમનું વ્યક્તિત્વ હતું. સમયપાલનના આગ્રહી, સ્વભાવે મુત્સદી,ખુશમિજાજી અને સત્તા કે પૈસાની લાલચ થી પર હોવાથી શાસક,વિરોધ પક્ષ અને સરકારી અધિકારીઓ સાથે સુચારૂ સંબંધોને કારણે સૌના આદરપાત્ર રહયા હતા.વર્ષે બે વર્ષે પોલીસ, એસઆરપી.,હોમગાર્ડઝમાં પસંદગી પામેલા જવાનોનું કોઈપણ ક્ષેત્રના મહાનુભાવ વ્યક્તિ વિશેષના હસ્તે બહુમાન કરવાનો તેમનો શીરસ્તો હતો.

દર વર્ષે ભકત કવિ નરસિંહ મહેતાની પ્રતિમાને તેમની જન્મ જયંતી તેમજ હારમાળા જયંતી નિમિત્તે રાજકીય,સામાજિક આગેવાનોની હાજરીમાં પુષ્પાંજલી અર્પણ કરવાનો ક્રમ રહયો હતો.ઉપરાંત તેઓ તરફથી તા.૧૧ માર્ચના રોજ સદ્ગત મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાના જન્મદિને ગોત્રી સ્થિત હવેલીમાં સવારે નામાંકિત કલાકારોનો પ્રભાતિયા ગાનનો કાર્યક્રમ યોજવામાં આવતો અને અંતમાં જલેબી–ગાંઠિયા,સંભારા,ચટણીની મિજબાની પણ હોય જ! આમ, શોખીન અને દિલાવર પણ એવા જ હતા. પૂર્વ આરોગ્ય મંત્રી શ્રી અશોક ભટ્ટ વિરોધ પક્ષના હોવા છતાં સારો ઘરોબો હતો.મૌલિનએ અરવિંદભાઈ ચેરિટેબલ ટ્રસ્ટ બનાવી,જેના નેજા હેઠળ ૨૦ એમ્બ્યુલન્સ સરકારી સયાજી હોસ્પિટલને ભેટ આપી પ્રજાને બહુમૂલ્ય સુવિધા કરાવી આપી છે તો લોક કવિઓ,સંસ્કાર નેતાઓની પ્રતિમા ઠેર ઠેર મૂકાવી છે.તેઓ બેંક ઓફ બરોડાના ડાયરેકટર હતા તે સમયે એક મોટી સિદ્ધિરૂપ કાર્યમાં અકોટા ખાતે વિશાળ અને

અદ્યતન 'સયાજીરાવ ગૃહ' 'ટાઉનહોલ'નું નિર્માણ કરી સંસ્કૃતિનગરીની પ્રજાને મૂલ્યવાન ભેટ અપાવી છે.જે માટે વડોદરાનું કલા જગત અહર્નિશ યાદ કરશે તે નિઃશંક છે.

અંતમાં,મૌલિનના રમૂજી સ્વભાવની એક ઝલક : એક સમયે વિનુ માંકડનું જયસુખભાઈ હાથી દ્વારા સન્માન થયું હતું તે સમયે શ્રી જ્યોતીન્દ્ર દવેએ ટીખળ કરી હતી કે 'હાથી ઉઠીને માંકડનું સન્માન કરે તે મારા મગજમાં ઉતરતું નથી.' થોડા વર્ષ પહેલાં અ.ભા.નાગર પરિષદના પ્રમુખશ્રી સંજય માંકડના હસ્તે મારૂં સન્માન થયું ત્યારે અગાઉની રમૂજ યાદ કરી મૌલિન બોલ્યા હતા કે 'આજે ઉલ્ટું થયું છે કે 'માંકડ હાથીનું સન્માન કરે છે.'

કુદરતની કોઈ દિવ્ય પ્રક્રિયા હશે કે મૌલિન ૧૫ ઓગષ્ટે જ અવસાન પામ્યા! આવા સાચા દેશ ભક્ત,બાહોશ અને કર્મઠ પ્રજાસેવકની યાદમાં ક્યાંક પ્રતિમા મૂકાય કે રોડ/ચોકનું નામ અપાય તો તે સાચી શ્રદ્ધાંજલી હશે!

## ચિ.આરના વછરાજાની લિખિત પુસ્તક ઉદય–Rise of Sun પ્રકાશિત થયું



અમેરિકા સ્થિત ચિ.આરના ઋત્વિજ વછરાજાની દ્વારા માત્ર ૧૪ વર્ષની તરૂણ વયે લિખિત ફિકશન વાર્તાના પુસ્તક 'ઉદય'–Rise of Sunનું લોકાર્પણ સર્વશ્રી ભાગ્યેશ ઝા,મધુરોય,વિનોદ જોશી, વિરલ રાચ્છ,જય વસાવડા,નેહલ ગઢવી, સુભાષ ભટ્ટ જેવી અનેક નામાંકિત વ્યક્તિઓ તથા અમેરિકા– ભારતના બહોળી સંખ્યામાં આમંત્રિત સાહિત્ય પ્રેમીઓની ઉપસ્થિતિમાં ચિ. આરના અને આઇશાના દ્વારા કરવામાં આવ્યું.(તસવીરમાં આરના અને આઈશા,જય વસાવડા, નેહલ ગઢવી,સુભાષ ભટ્ટ, દાદા–રાજીવભાઈ)

ચિ. આરના બાળપણમાં દાદી,નાની,મમ્મી પાસેથી પૌરાણિક કથાઓ સાંભળવાની ટેવ, પૌરાણિક પાત્રોની વાર્તાઓના પુસ્તકોના વાંચન સાથે મનમાં ચિંતન મનન ચાલે,૧૦ વર્ષની ઉમરે લઘુ વાર્તા, પ્રવાસ,બુક્સ અને સાંપ્રત પ્રવાહો વિષયક લેખન સાથે 'PODCAST' શરૂ કર્યું.

તેણીએ પ્રાથમિક શિક્ષણ દરમ્યાન ૧૧ વર્ષની વયે 'ઉદય'–Rise of Sun પુસ્તક લેખનનો પ્રારંભ કરી ત્રણ વર્ષના પુરૂષાર્થ બાદ માત્ર ૧૪ વર્ષની વયે પુસ્તક પ્રકાશિત કરી લેખિકા તરીકેની મંઝીલ સર કરી છે. નોંધપાત્ર છે કે ના આ પુસ્તકના લેખન ઉપરાંત એડિટીગ, ટાઈટલ ડિઝાઇનીગ, પોસ્ટર્સ, પબ્લીશીગ વગેરે આરનાએ જાતે જ કર્યું છે.ચિ.આરના અંગ્રેજી, ગુજરાતી, મરાઠી,ચાઇનીઝ, સ્પેનિશ ભાષા જાણે છે,વાંચન લેખનના શોખ ઉપરાંત અનેક રમતો, ડ્રોઈંગ, કુકીગ, પ્રવાસ વગરેમાં પણ રસ–રૂચિ ધરાવે છે.

આવી નાની વયે આત્મનિર્ભર અને બહુમુખી પ્રતિભા ધરાવતી ચિ. આરનાને અભિનંદન.

ચિ. આરના, લેખન અને વકૃત્વમાં નિપૂણ,રાજકોટના જ્ઞાતિ સેવક શ્રી રાજીવ વછરાજાનીની પૌત્રી અને એવા જ પ્રતિભાસંપન્ન ઋત્વિજની પુત્રી થાય છે.

જ્ઞાતિનું ગૌરવ : નિષ્ઠાવાન બાહોશ પૂર્વ ચીફ જસ્ટીસ રસનિધિભાઈ...

# જસ્ટિસ આર. એમ. છાયાની રેરાના ચેરમેન તરીકે નિમણૂક

। અમદાવાદ ।

ગુજરાત સરકાર દ્વારા આખરે રેરા ટ્રિબ્યૂનલ (ગુજરાત રીયલ એસ્ટેટ એપેલેટ ટ્રિબ્યૂનલ)ના ચેરમેન તરીકે ગુજરાત હાઈકોર્ટના પૂર્વ જજ અને ગુવાહાટી હાઈકોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ આર.એમ.છાયાની નિમણૂંક કરવામાં આવી છે. રાજય સરકાર દ્વારા આ અંગેનું વિધિવત જાહેરનામું પણ જારી કરી દેવાયું છે.



અગાઉ ગુજરાત રેરા ટ્રિબ્યૂનલમાં સભ્યોની હજુ સુધી નિમણૂંક નહી થતાં ગુજરાત હાઈકોર્ટે રાજય સરકારનો રીતસરનો ઉધડો લીધો હતો અને આ સમગ્ર મામલે સરકારનો ખુલાસો માંગ્યો હતો. જેના અનુસંધાનમાં ગુજરાત હાઈકોર્ટની ફટકાર બાદ આજે રાજય સરકારે હાઈકોર્ટ સમક્ષ રેરા ટ્રિબ્યૂનલમાં ચેરપર્સનની નિમણૂંક મુદ્દે ખાતરી આપી હતી. તેના અનુસંધાનમાં સરકાર દ્વારા મહત્ત્વનો નિર્ણય લઈ ગુજરાત હાઈકોર્ટના પૂર્વ જજ અને ગુવાહાટીના પૂર્વ ચીફ જસ્ટિસ આર. એમ.છાયાની રેરા એપેલેટ ટ્રિબ્યૂનલના ચેરમેન તરીકે નિયુકિત કરી દેવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, રેરા ઓથોરિટીમાં ચેરપર્સન અને બે સભ્યોની નિમણૂંક નહી થઈ હોવાના મુદ્દે તેમ જ રેરા ટ્રિબ્યૂનલમાં ચેરપર્સન અને ટેકનીકલ મેમ્બરની નિમણૂંક નહી થઈ હોવાના મામલે ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની રિટ અરજી દાખલ થઈ હતી, જેમાં તાજેતરમાં જ સરકાર દ્વારા રેરા ઓથોરીટીમાં ચેરપર્સનની નિમણૂંક કરાઈ હતી પરંતુ બે સભ્યોની નિમણૂંક બાકી હતી, જે નિમણૂંક બે સપ્તાહમાં કરી દેવાની સરકારે ખાતરી આપી હતી. જયારે રેરા ટ્રિબ્યૂનલમાં ચેરપર્સનની નિમણૂંકની પ્રક્રિયા ટૂંક સમયમા જ પૂર્ણ કરી દેવાની ખાતરી અપાઈ હતી. જેનું પાલન કરવાના ભાગરૂપેઆજે સરકારે ઉપરોકત જાહેરનામું જારી કર્યું હતું. ગુજરાત હાઈકોર્ટમાં જસ્ટિસ તરીકે નિમણૂક થઈ તે પૂર્વે જસ્ટિસ આર.એમ.છાયા હાઈકોર્ટમાં જ એક સન્માનીય અને અનુભવી ધારાશાસ્ત્રી હતા. એએમસીના સ્ટેન્ડિંગ કાઉન્સેલ પણ રહી ચૂક્યા છે.

સૌજન્ય : દિ.ભા.

## મિત્રતા...

મિત્રતા એક અદ્ભૂત સમ્બન્ધ છે અને સર્વાંગી છે. બાકીના સમ્બન્ધો એકાંગી છે. કૃષ્ણ બનવું સરળ નથી પણ સુદામા બની જ શકાય. એણે મિત્ર પાસે અપેક્ષા ન રાખી, દોસ્તીના દાવે કોઈ માંગણી ન કરી.. શ્રીકૃષ્ણ એ પણ વગર માગે ઘણું આપી દીધું. બન્ને મિત્રભાવનું આજે શ્રેષ્ઠ ઉદાહરણ છે. ન સુદામા એ દીનતા બતાવી, ન કૃષ્ણ એ મોટાઈ બતાવી..કેવળ સ્નેહ.

અર્જુન બની શકાય, જેનો મિત્ર ગુરુ હોવાના ભાર વિના ગીતાનું જ્ઞાન આપી શકે છે.. સમર્પણ અને વિશ્વાસ હોવો જોઈએ.

દ્રૌપદી બની શકાય, જેને કૃષ્ણ એ દરેક સમયે મદદ કરી. જ્યાં એના પિતા, ભાઈ, પતિ, વડીલો બધા જ નકામા સાબિત થયા ત્યાં પણ કૃષ્ણે એની મદદ કરી.

શ્રદ્ધા, સમર્પણ...

કર્ણ અને દુર્યોધનની દોસ્તી જરૂરિયાતના ધોરણે બંધાયેલી હતી, સ્નેહ ઓછો અને adjustment વધુ હતું. કર્ણ માટે દુર્યોધન shelter અને દુર્યોધન માટે કર્ણ safty guard વધુ હતો. મિત્રને સાચા માર્ગે વાળવા ને બદલે કર્ણે ખોટા માર્ગે પણ એનો સાથ આપ્યો. બાકી કર્ણ પાંચે પાંડવો થી બધી રીતે ચડિયાતો હતો.

દ્રોણ અને દ્રુપદની દોસ્તી મર્યાદિત સમયની હતી. દ્રોણે દોસ્તીના દાવે માંગણી કરી એ અપેક્ષા એના દુઃખનું કારણ બની. દ્રુપદે એનું માન ન રાખ્યું તો મિત્રને માફ ન કરીને બદલાની વૃત્તિથી એમને હસ્તિનાપુર રાજ્યના આશ્રિત બનવાનું સ્વીકાર્યું. પાંડવો પાસે ગુરુદક્ષિણામાં દ્રુપદની હાર માંગી. વળી દ્રુપદે યજ્ઞ દ્વારા દ્રોણવધ માટે શસ્ત્ર રૂપે પુત્ર માંગ્યો. બન્ને એ દોસ્તીથી વધુ દુશ્મની નિભાવી.

શ્રીરામે નિષાદરાજ(ભીલરાજા), સુગ્રીવ(વાનરરાજા) અને વિભીષણ (રાક્ષસરાજા) સાથે મૈત્રી રાજનૈતિક મૈત્રી કરી અને નિભાવી.

આપણે આમાંથી કેવા મિત્રો અને મૈત્રી પસન્દ કરીશું, કેવા બનીશું એ આપણી choice છે..

– ડૉ. કોષા મંકોડી, ભુજ.

## ધ્યાનમાં લઈ અમલ કરવા જેવી વાત...

**"આપણી જ્ઞાતિમાં,પોતાના દીકરા-દીકરી અને ખાસ કરીને પતિ-પત્ની પરસ્પર ;સ્થાવર અને જંગમ મિલકત અંગેની સાચી, સરખી અને સ્પષ્ટ વિગતોથી વાકેફ હોતા નથી.આથી કોઈના પણ નિધન પછી આ અંગે પરિસ્થિતિના ઉકેલ ઘણાં ગુંચવણ ભર્યા રહે છે.**

**આથી, મિલકત અને વાહનોની વિગતો જેમકે તેના દસ્તાવેજ વિગેરે ક્યાં છે? બેન્કિંગ વ્યવહારની સઘળી વિગતો જેમકે એકાઉન્ટ્સ કઈ કઈ બેંકમાં છે? લોકર હોય તો તેનો એકાઉન્ટ નંબર તેમજ લોકર નંબર,નોમિનેશન વિગેરે તેમજ અગત્યની બાબતોની જાણકારી અંગેનું વિસ્તૃત લિસ્ટ કુટુંબમાં હોવું જોઈએ. આથી આ બધાનું તેમજ કોઈ અન્ય બાબતો ઉમેરવી યોગ્ય જણાય તો તેનો પણ સમાવેશ કરીને વ્યવસ્થિત લીસ્ટ કુટુંબના સભ્યોની જાણકારીમાં હોવું હિતાવહ ગણાય." "અજ્ઞાત"**

**બરછીના ઓક્ટો.–નવે. માસના સંયુક્ત–દીપોત્સવી અંક અંગે :**

**હવે પછીનો ઓક્ટોબર માસનો અંક પ્રકાશિત થશે નહી અને પ્રતિ વર્ષ મુજબ ઓક્ટોબર–નવેમ્બર માસનો સંયુક્ત અંક દીપોત્સવી અંક તરીકે તા.૧૫ નવેમ્બરના રોજ પ્રકાશિત કરવામાં આવશે.જેની નોંધ લેશો.**

૬૦મા વર્ષનો આ દીપોત્સવી અંક આપ સૌના સાથ સહકારથી આકર્ષક ફોર કલર કવરપેજ (ટાઈટલ) સાથે વધુ વૈવિધ્યસભર અને વિશિષ્ટ બનાવવાની અમારી નેમ છે.જે માટે જ્ઞાતિના જાણીતા તેમજ નવોદિત લેખકો કવિઓને તેમની મૌલિક કૃતિ, સાથે પોતાનો ફોટો અને પરિચય પણ લખી મોકલવા ઈજન છે. આ સાહિત્ય સામગ્રી અમારી સુવિધા માટે બને તેટલા વહેલા અને મોડામાં મોડા **તા.૨૫ ઓક્ટોબર સુધીમાં ઈમેઈલ (barchhi@rediffmail.com), ટપાલ કે કુરિઅર દ્વારા મોકલી આપવા વિનંતી છે. ટૂંકા લખાણ,દીપોત્સવી કાર્યક્રમ, સ્નેહમિલનના તથા અન્ય સમાચારો મને ૯૪૨૮૭૦૦૧૦૫ ઉપર વ્હોટસએપથી મોકલી શકો છો.**

બરછીનું પ્રકાશન જાળવવા, સતત વધતા જતા કાગળ,પ્રિન્ટીગ,બાઈન્ડીગના ભાવ ઉપરાંત હવે અનિવાર્ય બની ગયેલ ઈન્ટરનેટ, વેબસાઈટ જાળવણી,એડ્રેસ સ્ટીકર,પેટ્રોલ વગરે જેવા ઘણા ખર્ચાને પહોંચી વળવા નાણાકીય સહયોગ જરૂરી બન્યો છે. જે આપ પોતાના/ અન્યના લવાજમ(વાર્ષિક રૂા.૨૦૦/–) દ્વારા તથા વ્યાવસાયિક જાહેરાત, શ્રધ્ધાંજલી તેમજ શુભેચ્છા જાહેરાત દ્વારા આપી શકો છો.

(૨) બરછી તથા અન્ય ટપાલ ન મળવા/અનિયમિતતા બાબતે અહીથી અમારા દ્વારા તથા અમદાવાદથી અમારા વડીલ બંધુએ સંદેશા વ્યવહાર મંત્રી તથા પોસ્ટ માસ્ટર જનરલ (PMG) ને ઈમેઈલ દ્વારા વીગતે જાણ/ ફરિયાદ કરી હતી. તેઓ દ્વારા જવાબમાં જણાવવામાં આવ્યું કે 'આ અંગે સૂચના આપવામાં આવી છે અને હવેથી ધ્યાન આપવામાં આવશે.' જેનો અમલ થયો હોય તેમ પણ જણાય છે.. અમદાવાદ ખાતે મોટા ભાઈને પોસ્ટમેન ઘેર આવીને બરછી આપી ગયા.તેમ કેટલાકને થોડા મોડા પણ મળી રહયા છે.

આપ સૌને બરછીના / સૌના લાભાર્થે ટપાલની અનિયમિતતા બાબતે PMG ને એક મેઈલ કરવા નમ્ર વિનંતી છે. બની શકે કે આપના/ અન્યના ઘર સુધી બરછી–અન્ય મેગેઝીન કે જરૂરી ટપાલ પહોંચવા લાગે! –તંત્રી.

**વડોદરા ખાતે નવરાત્રિ સ્થાપન :**



શ્રી નિર્મિષ રોહિતભાઈ ધોળકિયાના નિવાસ સ્થાન–૪૯ દ્વારિકા સોસાયટી, નર્મદા ગેસ્ટ હાઉસ પાછળ, રેસકોર્સ,વડોદરા–ખાતે તા.૧૫ થી ૨૩ ઓક્ટોબર નવરાત્રિ દરમ્યાન મા અંબાનું ઘટસ્થાપન કરવામાં આવનાર છે. આરતીનો સમય સવારે ૮:૩૦/સાંજે ૬:૩૦નો રહેશે, દરરોજ સાંજે ૫થી ૭ દરમ્યાન બેઠા ગરબા થશે.નોમના રોજ બીડું હોમવાનો સમય સવારે ૧૦ વાગ્યાનો રહેશે. દરેકનો લાભ લેવા જ્ઞાતિજનોને ભાવભર્યું આમંત્રણ છે.

## અનંતના યાત્રીઓ

રાજકોટ : અ.ભા.નાગર પરિષદ રાજકોટ શાખાના પ્રણેતા, બરછીને પણ પોતાની સેવા આપનાર સ્વભાવે મિલનસાર જ્ઞાતિ હિતેચ્છુ કુષ્માંડરાય ભચેચ(નિવૃત્ત એ.જી.ઓફિસ)નું ૮૭ વર્ષની વયે દેહાવસાન. અ.સૌ.રોહિણીબેન જસમીનભાઈ (બરછીના લેખક કવિ) દેસાઈ,
અ.સૌ.મીનાબેન મુકેશભાઈ માંકડ–૬૯ વર્ષ, ભ્રગુલતાબેન કાન્તિરાય વસાવડા–૬૧ વર્ષ.
જૂનાગઢ : નલિનીબેન સુરેન્દ્રરાય નાણાવટી–૯૫ વર્ષ.
ભાવનગર : પ્રતિભા ધૈર્યકાન્ત દેસાઈ, હરેશભાઈ પુંડરિકરાય મહેતા.
જામ ખંભાળિયા : ડો. દેવાંગિનીબેન પ્રદ્યુમ્નભાઈ છાયા// કમલભાઈ સુરેન્દ્રભાઈ માંકડ//
ભુજ : ભારતીબેન હરિપ્રસાદ ધોળકિયા–૮૨ વર્ષ, ચેતનભાઈ જીપિનચંદ્ર અંજારિયા–૫૯ વર્ષ, મધુસુદનભાઈ ધનસુખરાય વૈદ્ય–૮૨ વર્ષ // ગાંધીધામ : જ્યોતીન્દ્ર હિરાલાલભાઈ ધોળકિયા.
અમદાવાદ : રાજેન્દ્રભાઈ જનસુખભાઈ વોરા–૭૯ વર્ષ , પરાગ નરેદ્રભાઈ વસાવડા–૬૪ વર્ષ,
વલ્લભ વિદ્યાનગર : મા.અનસુયાબેન ભાસ્કરરાય દેસાઈ –૯૭ વર્ષ–(વલ્લભ વિદ્યાનગર ખાતે બરછીને દાયકાઓથી સેવાઓ આપતા પ્રતિનિધિ મુ.રસેન્દુભાઈ દેસાઈના માતુશ્રી)
વડોદરા : મા.પ્રતિભાબેન પ્રસન્નકુમાર મંકોડી, સુનિલ ઈન્દુભાઈ વસાવડા, નિરૂપમભાઈ જગદીશચંદ્ર વૈશ્નવ. મુંબઈ : અ.સૌ.બંસરીબેન નીતિનભાઈ હાથી, અમેરિકા : અનિરૂધ્ધભાઈ જયસુખભાઈ હાથી.

### કવિઓને ને લેખકોને સમજાવો કોઈ રીતે

મા વિશે તો ખૂબ લખાયું , કેમ ન પપ્પા વિશે ?
બાપ બન્યો એ ત્યારે એની આંખોમાં ઝાંકેલું ?
સપનાઓનું એક પતંગિયું એમાં પણ નાચેલું
એની કદર પણ થવી જ જોઈએ સર્જનહાર તરીકે
મા વિશે તો ખૂબ લખાયું, કેમ ન પપ્પા વિશે ?
ઘણા દિવસ તો એ પણ એક જ પડખે સૂઈ રહેલો
ઘણા દિવસ તો પત્નીથી પણ અળગો થઈ ગયેલો
તોપણ બજાર, બેન્ક. ..બધ્ધે મુન્નો એની જીભે
મા વિશે તો ખૂબ લખાયું, કેમ ન પપ્પા વિશે ?
દીકરી આવી ત્યારે પણ રાખી'તી ભવ્ય ઊજાણી
સાસરિયે ગઈ ,તો પપ્પાની આંખો બહુ ભીંજાણી
આખું ઘર સચવાઈ રહે છે પપ્પાની છત નીચે
મા વિશે તો ખૂબ  લખાયું, કેમ ન પપ્પા વિશે?
-ભરત ભટ્ટ પવન વડોદરા

### મોબાઈલ ઉપર સ્વ રચિત રચના

છાનું રે છપનું બધું થાય અહીં થાય અહીં
રણકે ના મોબાઈલ તો મોબાઈલ કહેવાય નહીં
એક ઘાયલને શાયર બે છુપ્યા છુપાય નહીં
મોબાઈલને સંતાડી રાખ્યો રખાય નહીં
આંખોમાં વસાવી આંખના રતનને
પરદામાં રાખીને ઘરના સભ્યોને
ચંપાતા ચરણોએ....
ચંપાતા ચરણોએ મળ્યું મળાય નહીં
રણકે ના મોબાઈલ તો મોબાઈલ કહેવાય નહીં
વાઈબ્રેટ ને રીંગટોન બે એવા અનાડી
વ્હાલા છે પણ ખાય મારી ચાડી
આવેલા મેસેજનો લ્હાવો લેવાય નહીં
રણકે ના મોબાઈલ તો મોબાઈલ કહેવાય નહીં
-સતિષ મહેતા, રાજકોટ.

## ચિંતન :

શ્રીમદ્ ભગવત ગીતાજીમાં વિભૂતિ યોગમાં શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને વિશ્વરૂપ દર્શન કરાવ્યું. આ બાબતમાં આપણી જાત માટે જ થોડું ચિંતન કરીએ..

ભગવાને જે વિશ્વ રૂપ દર્શન માટે વિસ્મય પામવા જેવું કશું નથી.આપણી જાતનો દાખલો લઈએ તો એક માનવના પણ કેટલાં સ્વરૂપો છે.આપણે આપણો સમગ્ર પરિવાર દાદા–દાદી, કાકા– કાકી, મામા–મામી,ફઈ–ફુઆ, ભાણેજ – ભત્રીજાઓ, મિત્રો, નોકર,શિષ્ય, સલાહકાર, વહીવટદાર, બાળપણ, યુવાવસ્થા, વાનપ્રસ્થ અને વૃધ્ધાવસ્થા. આ બધા કાળમાં બનેલા સુખ દુ:ખના, અલગ અલગ ધંધા વિ.ને લીધે થયેલા અનુભવો પરથી થાય કે હું આ પૃથ્વી ઉપર એક સાધારણ માનવી છું અને મારાં આટલાં બધાંસ્વરૂપો છે.

દુનિયાની છ અબજ વસ્તી ધરાવતા આ પૃથ્વી ઉપર અનેક દેશો છે જેમાં ત્રણ ભાગ પાણી અને નાની પૃથ્વી પર અનેક નાના મોટાં જીવ–જંતુઓ, પ્રાણીઓ, પક્ષીઓ, સૂરજ, ચંદ્ર,નદી, રણ,વાયુ, પર્વત, મહાસાગરો, અગ્નિ વિ. તથા અનેક જુદા જુદા ધર્મો,રીત રિવાજો આ બધું જોતાં અને વિચારતાં ઈશ્વરના વિશ્વરૂપ દર્શનની ઝાંખી આપણામાં પણ થતી હોય તેમ નથી લાગતું!? જરૂર લાગે કારણ કે આપણા પણ કેટલાં રૂપો, કેટલી ફરજો છે,કેટ કેટલા કાયદાઓનું પાલન કરવાનું છે અને કેટલી પરીક્ષાઓ આપવાની છે.

બ્રહ્મા,વિષ્ણુ,મહેશ–સર્જનકર્તા,પાલનકર્તા અને સંહારકર્તા. આ તત્વો મનુષ્યમાં પણ સમાયેલાં છે.માણસની વૃત્તિઓને પણ ત્રણ વિભાગમાં વહેંચી છે.સત્વ,રજસ અને તમસ..દરેક દિવસે આપણે પણ ત્રણે ગુણોમાંથી પસાર થઈએ છીએ.૧. સારા કર્મો : દયા, ધન, સવિચારો, ફરજપાલન. સત્વ ૨. સાંસારિક કર્મો, મારૂં–તારૂં, માન–અપમાન વિ.રજસ. ૩.અધર્મ કર્મો : પરપીડન, નીંદા, દુષ્કૃત્યો એટલે તમસ.

આમ ઈશ્વરે ત્રણ ગુણો આપેલા છે.આ બધી સમજ માટે જ આપણે સત્સંગ,સારૂં વાંચન,ધાર્મિક ગ્રંથોનું અધ્યયન જરૂરી છે અને આપણી પાસે વિકલ્પ છે જવાબો પણ છે પરંતુ સમજણ નથી અને પામર માનવી મીઠાઈ મૂકીને વિષ્ટામાં જ રમણ કરે છે...બસ ચાલો ત્યારે જાગ્યા ત્યાંથી સવાર!

સંકલન : ઠાકોરભાઈ ત્રિવેદી,રાજકોટ.

ના ધ્વંસ ના લડાઈ
ન દાવ ના દેખાડા
પણ વિસ્તરી રહ્યા છે
ભારતવર્ષના સીમાડા
લંબાઇ કે પહોળાઇમાં,
ફરક નથી કર્યો ગોળાઈમાં
દેશ આજે વધી રહ્યો છે
આગળ સતત ઊંચાઈમાં
હા...હતું એક સપનું
'એક " ક્રમ ને આંબાવાનું
સાર્થક કર્યું જે યાન..ચંદ્રે
ચંદ્રને પામવાનું
આર્યભટ્ટ..ભાસ્કર..વરાહમિહિર
જેણે આપી દિશા..દુનિયાને
સર્વે હતા ભારત પુત્રો જેણે
દર્શાવ્યા અંતરિક્ષના તેજ તિમિર
આજે એજ ભારતના સપૂતો એ
પ્રયોજી ચંદ્રયાન..એક બે ત્રણ
વિક્રમ થી કલામે...લીધું પ્રણ.
માતાનું પુત્ર ચૂકવશે ઋણ
સપના જુવો તો..સાર્થક થાય.
શ્રદ્ધા હોય તો ..જગ જીતાય
પતંગ ને તુક્કલના આ દેશ માં
દ્રઢ નિશ્ચયથી..આકાશ અંબાય
ચંદ્રયાન અજય છે
ચંદ્રયાન વિજય છે
વિશ્વગુરુ પંથે
ચંદ્રયાન ...સીમા ચિન્હ છે

–કેયુર અંજારિયા, રાજકોટ.

# 'ક' કહેવતનો 'ક'

શિયાળે સોરઠ ભલો,
ઊનાળે ગુજરાત
ચોમાસે વાગડ ભલો
કચ્છડો બારે માસ

જર—ધન દોલત
જમીન—મકાન
જોરૂ—સ્ત્રી
એ ત્રણે કજીયાના છોરૂ

વેર વ્યસન, વૈભવ અને વ્યાજ
વ્હાલાં થઈ કરશે તારાજ
વધારશો તો ખોશો લાજ
ઘટાડશો તો કરશો રાજ

નટવર
શ્યામ
ગિરિધર
માધવ
કનૈયો
માખણચોર
કૃષ્ણના નામ જમા
ચારે ખૂણે ઈગીયારસ
ને વચ્ચે જન્માષ્ટમી રાસડા લે
સાસુ મૂઆં ને વહુએ જણ્યું
ઘરમાં ત્રણે ત્રણ

સોરઠમાં સુપેડી, હાલારમાં હડીયાણા
મચ્છુ કાંઠે મોરબી, કચ્છમાં કડીયાણા
આ ચારે ગામ જોવા જેવાં.

**આંકડાની કહેવત :**
૧૦૦ દહાડા સાસુના
૧૨ વર્ષે બાવો બોલ્યો..
જા તારૂં નખ્ખોદ જાય
નવું નવું ૯ દિવસ
૧૦૦ ચુહા ખાકર બીલ્લી હજ ગઈ
૩ તેખડ માથે પડે ભેખડ
૧૨ ગાઉએ બોલી બદલાય

**ખાવા પીવાની કહેવત :**
કોણીએ ગોળ ચોટાડવો
ટાઢા પાણીએ ખસ ગઈ
ઘી ઢોળાયું તો ખીચડીમાં
તેલ જુઓ, તેલની ધાર જુઓ
દૂધ દહીં બન્નેમાં પગ રાખવા
વખાણી ખીચડી ડાઢે વળગી

**આ બધાનું ગોત્ર સરખું**
દાઝયા ઉપર ડામ
બે હાથમાં લાડવા
ધુમાડાને બચકા ભર્યે ધુમાડો ન વળે
પડતા ઉપર પાટુ
સમય વરતે સાવધાન
મુળામાં મીઠું ને કેળામાં ખાંડ

હથેળીમાં વાળ નહી
ગધેડાને ગાળ નહી
ઉદરને ઉચાળો નહી
કુંવારાને સાળો નહી

કોટ ઉપર શાલ નહી
બખતર ઉપર ઢાલ નહી
કુંચી ઉપર તાળું નહી
લાડુ ઉપર વાળુ નહી

પાપીને ઘરમ નહી
દિગમ્બરને શરમ નહી
અંધ ખરીદે આરસી
બહેરા વખાણે બોધ
લલના લુલી નાચ કરે
એ ત્રણે અલેખે જાય

**નાગર અવટંકોની વિશેષતા :**
ઘોઘાના ઘોઘારી
પાંચકૂળવાળા પંચોળી
(પંચોલી નહી—
પંચોલી બ્રાહ્મણમાં હોય)

**વડવા ઉપરથી પડેલી અવટંકો :**
કિકુજીના કિકાણી
અનંતજીના અંતાણી
નિલકંઠરાયના નિલકંઠ
લાખના વેપારી લાખીયા
યજ્ઞ કરાવનાર યાજ્ઞિક

— હરદેવભાઈ માંકડ, જામનગર

# કૃષ્ણ એટલે ?

- મેહુલ ભટ્ટ,અમદાવાદ- લિખિત મૌલીક લેખ

આ વિશ્વના ફલક પર બે ભારતીય વ્યક્તિત્વો સૌથી વધુ ઓળખાયેલા, વંચાયેલા, વિચારાયેલા, ચર્ચાયેલા જોવા મળે છે. બંને મોહન છે. એક મોહન ગાંધી અને બીજા મોહન કૃષ્ણ!!!

એક યમુના તટે જન્મ્યા અને પશ્ચિમ સમુદ્ર તટે વિરમ્યા, બીજા પશ્ચિમે સમુદ્ર તટે જન્મ્યા અને યમુના તટે વિરમ્યા! બંનેની કારકિર્દીનો મહત્વનો તબક્કો તેમની લગભગ 50 ની ઉમર બાદ હતો. બંને સમગ્ર માનવ જાત માટે ઘસાઈ છૂટ્યા! બંનેએ કદી સીધી સત્તા ભોગવી નહીં! બંને અંત સમયે લગભગ એકલતા અનુભવતા! બંનેના જીવનનો મહત્વનો હિસ્સો ગુજરાત અને ઇન્દરપ્રસ્થ વચ્ચે ફેલાયેલો!

પણ, આજે વિચારવું છે, કૃષ્ણ એટલે શું?

કૃષ્ણ એટલે વિષાદથી વિશ્વાસ તરફ લઈ જતો માર્ગ

કુરુક્ષેત્ર ના આરંભે અર્જુનનો વિષાદ એક મહાન જ્ઞાનયજ્ઞ તરફ દોરી ગયો. એ ભગવદ ગીતા! કર્તાભાવ ને કારણે પ્રગટ થતો વિષાદ કર્તવ્ય વિમુખતા તરફ લઈ જાય ત્યારે કૃષ્ણ કામ આવે! કૃષ્ણ કુરુક્ષેત્રે શસ્ત્ર નથી પકડતા તે માટે સંકલ્પબધ્ધ છે! અર્થાત, કૃષ્ણ તમને પરાવલંબી નથી બનાવતા, તે તમારી શક્તિને પારખી માર્ગ ચીંધે છે! આ એક શિક્ષક કે ગુરુની સમજ અને પરિપક્વતાની પરાકાષ્ઠા છે!
કૃષ્ણનું કર્તુત્વ ક્યાય પરવશ કરવાનું નથી પણ તમારાં વિશ્વાસને, શક્તિઓને મજબૂત કરી તમને સક્ષમ કરવાનું છે. આ વાત સતત તેમણે જીવન દરમ્યાન જીવી ને બતાવી છે.

વિષાદ, નબળાઈ, કર્તવ્યવિમુખતા, સ્વ પરત્વે અવિશ્વાસ દૂર કરી વિશ્વાસ ભણી લઈ જાય તે કૃષ્ણ!!
કૃષ્ણ એટલે પૂર્ણ છતાં સમજપૂર્વકનું સમર્પણ

સાડા સાતસો શ્લોકમાં દીર્ઘ તર્કબધ્ધ સવાદ કરી જે છું તે હું છું, તું નથી! હું જ કર્તા છું, હું જં કર્મ છું તું તો નિમિત્ત માત્ર એવુ છેવાડા નું સમર્પણ ભણાવનાર અને તે માટે વિરાટ દર્શન કરાવી અભિભુત કરી દેનાર કૃષ્ણ અંતે તો કહે છે.... હવે તને યોગ્ય લાગે તેમ કર!
આ સમર્પણની એક અલગ રીત છે. સમજ છે. આમાં કૃષ્ણને ક્યાય પ્રસ્થાપિત થવું નથી, નિયત્રણ લેવું નથી, પરાવશ કરવા નથી. આજની ગુરુ પ્રાથના બધા દુષણોનું મૂળ ભક્તની પરાવશતા મા છે! કૃષ્ણ તમને સક્ષમ કરે છે આધારિત નહિ. અને માટેજ કૃષ્ણ એ કોઈને વરદાન નથી આપ્યું. જ્ઞાન દાન આપ્યું છે.
રામ અને કૃષ્ણમા ફરક છે. રામ સમર્પિતની શક્તિ ઓળખી તેને બહાર લાવી ઉપયોગ કરે છે. વાનર સેના ને લડાવે છે રાવણ સામે પણ નેતૃત્વ જાતે કરે. કૃષ્ણ તે કરતા આગળ છે. તે શસ્ત્ર સરખુ પકડતા નથી અને અર્જુનને શ્રેષ્ઠ બનાવે છે!

પરાવશ બનાવ્યા વગર સક્ષમ બનાવે, શ્રેષ્ઠને બહાર લાવી, સ્વતંત્રતા છીનવ્યા વિના ઉત્તમ તરફ લઈ જાય તે કૃષ્ણ!!
કૃષ્ણ એટલે આત્મગૌરવનું પૂર્ણ સન્માન

કૃષ્ણના જીવનનો આ સૌથી મહત્વનો પણ ચૂકાઈ ગયેલો સંદેશ છે. કૃષ્ણ રાજાના પુત્ર હોવા છતાં

પાલક મા બાપ તરીકે એક કસ્બાના નેતા એવા સાધારણ ગોવાળ ના પરિવારને પસંદ કરી જનસાધારણ ને ગૌરવ આપે છે. તેમના અતિ સામાન્ય બાળ સખા સુદામાનો ઉદ્ધાર તો કરે છે પણ તેમને જરા પણ હિણપત ના લાગે તે રીતે! પાંડવ પરિવારની તો અઢળક મદદ કરે છતાં ભાવ સખ્યનો! જુલ્મી રાજાની ચૂંગલ માંથી છોડાવી સોળ હજાર સ્ત્રીઓને રાણીના દરજ્જે સ્થાપી ગૌરવ આપે છે! એક કુબજા, કદરૂપી અપમાનિત સ્ત્રીને,આડકતરી રીતે સુંદર બનાવવાનો રુપકાત્મક ચમત્કાર કરી ને, તેનું ગૌરવ પુન: સ્થાપિત કરે છે.

અદભુત શક્તિ હોવા છતાં કદી કોઈની મદદ કોઈને નીચું જોવડાવી કે કોઈ પાસે આકરી ભક્તિ કરાવી નથી કરી! સંપૂર્ણ પ્રેમ અને ગૌરવ સાથે, સામેના ના આત્મસન્માન ને હાનિ પહોંચાડયા વગર સતત મદદ કરવાની તાસીર એટલે કૃષ્ણ!

કૃષ્ણ એટલે અનાસક્ત પૂર્ણ પ્રેમ।

કિશોર અવસ્થામાં ગોપીઓ સાથેનો રોમેન્ટિક પણ નિર્દોષ પ્રેમ, પોતાના થી સોળેક વર્ષ મોટી, સગપણ મા દુરની મામી રાધા સાથેનો અમર થયેલો કોસ્મિક લવ, દ્રૌપદી સાથે સખાભાવે પ્રેમ, વાંસળી અને રાસ થકી કલા પરાત્વે નો પ્રેમ .. સર્વ સ્વરૂપે પ્રેમ સ્વરૂપ!

પણ, પૂર્ણ અનાસક્ત! ગોકુલ છોડ્યા બાદ કદી જીવનમા રાધાને મળ્યા નહીં! અને યુદ્ધ ને અંતે અશ્વસ્થામાના કાળા કૃત્ય બાદ ઉત્તરા નો ગર્ભ જીવિત કરવા કહે કે... જો મે જીવનભર બ્રહ્ચર્ય નું પાલન કર્યું હોય તો, આ જીવિત થાય, અને તે વચન સત્ય ઠરે!

અરે જીવન જીવ્યા તો ભરપૂર... પૂર્ણ... અને મૃત્યુ? સાવ સાધારણ દૂર વનમા, એક પારધીના હાથે! એક પૂર્ણ જીવનથી મુક્તિ પણ કેવી સહજ મોહ વગરની, પૂર્ણ લીલા સમેટી લઈ!

આ કૃષ્ણ છે, આસકતી વગરનો પ્રેમ!

આ છે, કૃષ્ણ.... માટે છે પૂર્ણ પુરુષોત્તમ... માટે છે આજે દુનિયામાં સૌથી વધુ ચર્ચાતું વ્યક્તિત્વ!

બસ! કૃષ્ણ એટલે કૃષ્ણ!. અસ્તુ.

## સ્ફૂરેલા વાક્યો,મનન-ચિંતન અર્થે... -દિપક બુચ-" dp",અમદાવાદ

<u>નિત્ય પઠનિય તેવાં,સાત વાર માટે સાત વાક્યો!</u>

❶ કુટુંબમાં પોતાની ફરજ નિ:સ્વાર્થભાવે બજાવવાની હોય છે,તેનો દેખાડો કરવાનો હોતો નથી કે તેવાં ફરજરૂપી કાર્યો ઉપકારવશ કરવાના હોતાં નથી.❷ જાતે થઈ શકતાં હોય તો પણ,તેવાં કામ અન્ય પાસે કરાવવાની 'વૃત્તિ-માનસિકતા' હાનિકારક હોય છે. ❸ કોઈ સ્પષ્ટતા ન માંગે તો પણ જાતે જાતે ખોટું બોલવાનું ટાળવું જોઈએ.આખો દિવસ બોલીએ તેમાં, આવું ખોટું બોલવાની ટકાવારી ઊંચી હોય છે.❹રોજ એકવાર ભૂતકાળમાં 'ડોકિયું' કરી વિચારવું જોઈએ:"હું કેવી સ્થિતિમાં હતો અને અત્યારે કેવી સ્થિતિમાં છું" અને તે માટે હંમેશા ઈશ્વરનો હૃદયપૂર્વક આભાર માનવો જોઈએ. ❺ ઈશ્વરે જે આપ્યું છે,જે દિન-પ્રતિદિન આપી રહ્યો છે અને ભવિષ્યમાં જે આપશે તે મારા માટે ઉત્તમ છે તેવી સંતોષની ભાવના સાથે દ્રઢ આસ્થા ઈશ્વરમાં રાખવી. ❻ કદિ કાંઈપણ માટે સરખામણી ન કરવી જોઈએ.જો કરવી જ હોય તો આર્થિક રીતે આપણાંથી ઉતરતી કક્ષાના લોકો જોડે કરવી. ❼ મન-કર્મ-વચનથી શક્ય હોય તે,રોજબરોજ અન્યને આપવું,ભલે તે સ્મિત હોય,કોઈની આંગળી પકડી હોય કે બીજી કોઈ ચીજ-વસ્તુ આપી હોય.જીવનમાં આમ 'આપવાની ટેવ' પાડી દિન-પ્રતિદિન ઉદારતાનો વિકાસ કરતા રહેવું જોઈએ.

(પાના–૨નું ચાલુ)

માંડ થઈ હોય તોય કહેશે, બચુડી બારની જ

'ચલ ચલ, હવે! મને ચૌદ પૂરાં થયાં.' તો તેરે માંડ પોં'ચેલો ટપુ ત્રાટકતો રહેશે,

જા, જા હવે. હું તારા કરતાં બે મહિના મોટો છું.'

એકાએક વીસી વટાવતાં, કોણ જાણે એવું શું થાય છે કે, ઉંમરનો કાંટો અટકી જાય છે, ને પછી તો અવળો ઘુમવા લાગે છે!

નાગરજનો! જેને જે ઉંમર બતાવવી હોય તે બતાવવા દેજો. વિરોધ કે ચિંતા કરશોમા!

આ તો ખેલ છે, ને આપણે પ્રેક્ષક બનીને ખેલની મજા લેવાની છે.

ઉંમર તો શરીરની છેને ? આપણે શું ?

## આઈસ્ક્રીમ કેટલો ખાવો ?

જૂલાઈના અંકમાં (હળવી શૈલીના લેખમાં)આપણી આઈસ્ક્રીમની ગાડી આડે રસ્તે અમદાવાદ તરફ ફંટાઈ ગયેલી; અને આઈસ્ક્રીમ કેટલો ખાવો, એ વાત તો વિસારે પડી ગઈ અથવા તો, હાસ્ય લેખકે સહેતુક ટાળી, ગુજરાતના વાચકોને નાગર વાંચનારાઓએ હરાવ્યા, એ રીતે કે કોઈ નાગર બચ્ચો આવા મસ્ત મસ્ત સવાલનો જવાબ લખવા લલચાયો નહિ! આપણી જાગૃતિ, આપણું એટેન્શન કઈ તરફ ભમે છે, તેનું થર્મોમિટર આ ઘટના ગણાય. એક નાગર બચ્ચાએ પોતાની કલમ મ્યાનમાંથી કાઢી નહિ, એ જોતાં નાગરના ત્રણ પ્રતીકમાંથી એક 'કડછી' જ આપણા હાથમાં રહે તેવું લાગે છે!

આઈસ્ક્રીમ કેટલો ખાવો? એ પ્રશ્નનો Safe- સલામત જવાબ આપવો હોય તો એમ કહેવાય કે ત્રેવડ નો Capacity પ્રમાણે આઈસ્ક્રીમ ખવાય. કવિ ઉમાશંકર કહે છે તેમ, ત્રેવડ ત્રીજો ભાઈ

એ કહેવત પ્રમાણે ત્રેવડ એ બહુ સૂચક ગુજરાતી શબ્દ છે. ત્રેવડ એટલે કસર, સમજપૂર્વક થતો વ્યવહાર. એમ થાય તો, તે બે ભાઈ ઉપર ત્રીજો ભાઈ ગણાય. આનો એક મતલબ એવો કે, આપણી તાસીર મુજબ આઈસ્ક્રીમ ખવાય નહિતર શરદી–ખાંસીમાં ફસાઈ હેરાન પરેશાન થઈ જવાય.

ત્રેવડનો બીજો મહત્વનો અર્થ છે તમારી આર્થિક ક્ષમતા Capacity સારા, મજેદાર આઈસ્ક્રીમના કપના સો–સવાસો તો સહેજે થાય(અને આ છપાશે ત્યાં સુધીમાં બસો પણ દેવા પડે. ભારત આર્થિક વિકાસની દોડમાં અમેરિકા સાથે હોડ બકે છે !) એટલે ખિસ્સા પાકિટ સમ્હાલ કે રખના!

હા, બારોબાર કોઈની બર્થ ડે પાર્ટી કે મેરેજ રિસેપ્શનમાં ડેઝર્ટ રૂપે મળતો ભરકચોળા આઈસ્ક્રીમ હોય તો જુદી વાત...કોના બાપની દીવાળી !

આમ તેમ જોઈને, કોઈનું ધ્યાન નથી એનું ધ્યાન રાખીને ત્રણ મોટાં બાઉલ ત?–

પણ ખમો. ટમાટર ઉપરાંત ગાજર–બીટ–મકાઈ જેવા પદાર્થોના બનેલા સૂપ પી ને શરૂ થયેલી આ ભોજન યાત્રામાં હોટડોગ, બર્ગર, એવં મૈસુરી ઢોસા ઠૂંસ્યા પછી માથે આઈસ્ક્રીમાભિષેક ખાના–ખરાબી(!)તો પેદા કરવાનો જ!

એક સાત્વિક પુણ્યકાર્ય કરાય.

આઈસ્ક્રીમના એક બાઉલનો નીરાંતે ટેસ્ટ કરો, બાકીના બે ને પેક કરાવી–

રસ્તે રખડતા એવા કોઈ ગરીબને ખવરાવો, જેણે કદી આઈસ્ક્રીમનો ટેસ્ટ સુદ્ધાં ન કર્યો હોય!

કેમ લાગ્યો આઈડિયા?!

પ્રગટ થઇ ચૂકી છે




હનુમાનજીના જાણીતા-અજાણ્યા ૫૧ પાવન પ્રસંગોની સરળ વાર્તાઓ હવે પુસ્તક સ્વરૂપે

હનુમાન એકાવન

લેખક : વિરલ વૈશ્નવ

પાનાં : ૧૬૦

કિંમત : રૂ. ૧૬૦.૦૦

પુસ્તક ખરીદવા માટે સંપર્ક કરો:

K Books

98242 19074



## યોગ પ્રાણ વિદ્યા

હીલિંગ તથા મેડીટેશન પદ્ધતિ

**શું આપ આવી કોઈ બિમારીથી પીડાઓ છો?**

- સ્ટ્રેસ અને ડિપ્રેશન
- મેદસ્વિતા
- સાંધાના દુઃખાવા
- દમ અથવા અસ્થમા
- રોગપ્રતિકારક શક્તિની કમી
- કિડનીની તકલીફો
- પેટની તકલીફો
- હૃદયની તકલીફો
- ખભા અને કમરના દુઃખાવા
- ગર્ભાશયને લગતી બિમારીઓ
- વેરિકોઝ વેઇન
- ડર અને ફોબિયા
- ઊંઘ ના આવવી
- આધાશીશી / માઇગ્રેન
- એલર્જી અને ઈન્ફેક્શન
- રીલેશનશીપની તકલીફો

બધા જ રોગોના નામ લખવા અત્રે શક્ય નથી, પરંતુ આવા ઘણા પ્રકારના શારીરિક તથા માનસિક રોગો માટે યોગ પ્રાણ વિદ્યા (YPV) અસરકારક નિવડેલ છે.

યોગ પ્રાણ વિદ્યા એ સ્પર્શ વગર અને દવા વગર સમગ્રપણે અપાતી સંકલિત પ્રણાલી છે, જેમાં પ્રાણ શક્તિનો ઉપયોગ કરીને બધા જ પ્રકારના શારીરિક તથા મનોદૈહિક રોગોનો ઉપચાર કરી શકાય છે. આ પ્રણાલી આયુર્વેદ, હોમિયોપથી અને એલોપથી જેવી બીજી પ્રણાલીઓની અવેજીમાં નથી. તે આ બધી પદ્ધતિઓને પૂરક રહીને કામ કરે છે જેથી શરીરની પોતાની જાતને સાજા કરવાની કુદરતી ક્ષમતામાં નોંધપાત્ર વધારો થાય છે.

**હીલિંગ શીખવા કે કરાવવા માટે સંપર્ક કરો:**

ધવલ ધોળકિયા +૯૧-૯૯૦૪૪૦૪૬૪૫

૨૦+ વર્ષના અનુભવી

મીના ધોળકિયા +૯૧-૯૯૨૫૪૬૦૦૪૬

www.ypvmeraki.com ypvmeraki@gmail.com

+91-9484668989 ypvmeraki YPV Meraki



# ABM TRAVELS

**Discover your choice of destination in 2023,** we will make customized tour plan as per your requirement with choice of selected hotels/ resorts, top conditioned AC vehicles with courteous drivers and lots of sightseeing for your comfortable and stress free holidays- Chalo Jaldi Taiyar thai jav.

*Shimla Manali *Dalhousie *Dharamshala *Amritsar *VaishnoDevi*Ladakh kashmir *Nainital *Corbet *Mussoorie *Darjeeling *Gangtok *Ooty *Coorg*kerala* *Laksha dweep *Andaman *Gauhati *Shilong *Arunachal *Rajasthan *MP *South India *Goa *Nepal *Dubai *Singapore *Thailand *Malaysia*Bali *Maldives *Mauritius *Vietnam *Religious places and many more.

**Avinash Mehta 9820817318**

**abmtravels@gmail.com**


Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.

નોંધ : નીચે એડ્રેસ સ્લીપમાં આપેલો કાયમી ગ્રાહક નંબર નોંધી લેશો ને લવાજમ ભરો ત્યારે આ નં.લખશો તો અમને સરળતા રહેશે. /સ્લીપમાં સાથે જ આપનું લવાજમ પૂરું થવાના માસ/વર્ષ બતાવે છે.જની નોંધ પણ રાખશો. /આપનું લવાજમ મળતાં તે રીન્યુ કરતાં આપને પહોંચ તરીકે ઓટો જનરેટેડ SMS મળે છે. / નિયમિત અંક ન મળે તો અમને જાણ ને પોસ્ટમાં ફરિયાદ કરશો./સરનામામાં ફેરફારની તુરંત જાણ કરશો.—તંત્રી

**BOOK POST**

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઇન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.